**(1161)** "કોઈ ન્યાયાલય રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈઓનો અમલ કરાવી શકશે નહિ." આ બાબત કયા અનુચ્છેદમાં જણાવેલ છે?

(A) 40

(B) 38

(C) 39

(D) 37

*Ans:* D

*ભારતના બંધારણના ભાગ-4 માં અનુચ્છેદ 36 થી 51માં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની ચર્ચા છે.*
*આ સિદ્ધાંતો રાજ્યના વહીવટમાં મૂળભૂત છે. તથા કાયદા બનાવતી વખતે આ સિદ્ધાંતો લાગુ પાડવા રાજયની ફરજ રહેશે.*

**(1162)** લોકસભાને બરખાસ્ત કરવાની સતા કોની પાસે છે?

(A) રાજયસભાના ઉપસભાપતિ

(B) વડાપ્રધાન

(C) સ્પીકર

(D) રાષ્ટ્રપતિ

*Ans:* D

*રાષ્ટ્રપતિ અનુચ્છેદ-85 અંતર્ગત સંસદના સત્રો, સત્ર સમાપ્તિ & વિસર્જન કરવાની શક્તિ ધરાવે છે.*
*વિશેષ : રાજ્યસભા કાયમી ગૃહ છે અર્થાત રાજ્યસભાનું વિસર્જન ક્યારેય થતું નથી.*

**(1163)** ભારતના CAG (Comptroller and Auditor General) (નિયંત્રણ-મહાલેખા પરીક્ષક) ________કાર્ય કરે છે.

(A) ફક્ત ઓડિટ

(B) હિસાબ, ઓડિટ & ન્યાય વિષયક

(C) ફક્ત હિસાબ

(D) બંને

*Ans:* A

*CAG - Art. 148*
*તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.*
*કાર્યકાળ 6 વર્ષ અથવા 65 વર્ષ બેમાંથી જે પહેલું હોય તે.*
*વિશેષ : CAG ને લોકોના ધનનો સંરક્ષક કહેવામાં આવે છે.*

**(1164)** નીચેના વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી?

(A) ભારતના નાયબ વડાપ્રધાનનો હોદ્દો એક રાજકીય હોદ્દો છે.

(B) ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હતા.

(C) ભારતના બંધારણમાં નાયબ વડાપ્રધાનનો હોદ્દાનો ઉલ્લેખ અનુચ્છેદ-75માં કરવામાં આવ્યો છે.

(D) તમામ સાચા છે.

*Ans:* C

*ભારતના બંધારણમાં નાયબ વડાપ્રધાનના હોદ્દાનો કોઈ ઉલ્લેખ નથી. અર્થાત નાયબ વડાપ્રધાનનો હોદ્દો બંધારણીય નહિ પણ એક રાજકીય હોદ્દો છે.*

www.Gujarat1.com

**(1165)** "દરેક રાજયમાં ગ્રામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતોની રચના કરવી જોઈએ." આ જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં દર્શાવેલી છે?

(A) 243-A (B) 243-B (C) 243(D) (D) 243(C) ***Ans:*** B

*243-A - ગ્રામસભાની જોગવાઈ*

*243-C - પંચાયતની સરંચના*

*243-D - પંચાયતોમાં અનુસુચિત જાતિ અને જનજાતિઓ તેમજ મહિલાઓ માટે અનામત*

**(1166)** "ગર્વનમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935 બંધનનું એક નવીન ચાર્ટર છે." એવું કોને કહ્યું?

(A) પંડિત જે.એલ.નહેરુ (B) ક.મા.મુનશી (C) આઈવર જેનિંગ (D) ડો.બી.આર.આંબેડકર ***Ans:*** A

*ભારતીય બંધારણના 2/3 ભાગ પર ભારત શાસન અધિનિયમ, 1935નો પ્રભાવ રહેલો છે.*

**(1167)** 73માં બંધારણીય સુધારાથી દેશમાં સૌપ્રથમ કોના માટે રાજકીય અનામત પ્રથા દાખલ કરાઈ?

(A) અનુસુચિત જાતિ (B) અનુસુચિત જનજાતિ (C) મહિલાઓ (D) એકપણ નહીં ***Ans:*** C

*પંચાયતો માટે 73મો બંધારણીય સુધારો 24 એપ્રિલ, 1993થી અમલમાં આવ્યો.*

*ભારતીય બંધારણમાં ભાગ-9 ઉમેરવામાં આવ્યો અને પંચાયતો માટે 11મી અનુસૂચિ જોડવામાં આવી.*

**(1168)** ભારતીય બંધારણના અનુચ્છેદ _____મુજબ સંસદ સભ્યોની શપથવિધિ થાય છે?

(A) Art. 99 (B) એકપણ નહીં (C) Art. 101 (D) Art. 98 ***Ans:*** A

*સંસદના દરેક ગૃહના સભ્યોએ પોતાની બેઠક સંભાળતા પહેલા રાષ્ટ્રપતિ અથવા તેમણે નીમેલી વ્યક્તિ સમક્ષ ત્રીજી અનુસૂચિ (ભારતીય બંધારણ)મુજબ શપથ લેવાના હોય છે.*

**(1169)** કયો આર્ટીકલ અનુસુચિત જાતિઓના રક્ષણ માટે ખાસ કાયદા બનાવવાનો અધિકાર આપે છે?

(A) Art. 17(2) (B) Art. 19(5) (C) Art. 330(3) (D) Art. 25(3) ***Ans:*** B

**(1170)** લોકપાલની રચનામાં એક અધ્યક્ષ અને વધુમાં વધુ કેટલા સભ્યો હોવા જોઈએ?

(A) પાંચ (B) આઠ (C) છ (D) નવ ***Ans:*** B

*લોકપાલમાં 1 અધ્યક્ષ & વધુમાં વધુ 8 સભ્યોની જોગવાઈ છે જેમાં 50% સભ્યો ન્યાયિક ક્ષેત્રના રહેશે.*

*ભારતના પ્રથમ લોકપાલ પિનાકીનચંદ્ર ઘોષ છે.*

*લોકપાલનો અર્થ કાળજી લેનાર એવો થાય છે.*

**(1171)** "બંધારણીય રીતે પ્રધાન તેમના સચિવ દ્વારા લેવાયેલા પગલા માટે જવાબદાર છે." આ વિધાન કયા પંચ દ્વારા કરવામાં આવ્યું હતું?

(A) જસ્ટિસ કોઠારી પંચ

(B) જસ્ટિસ ચાગલા પંચ

(C) જસ્ટિસ નાણાવટી પંચ

(D) જસ્ટિસ ભગવતી પંચ

***Ans:*** B



www.Gujarat1.com

**(1172)** ભારતમાં સૌપ્રથમ લોકાયુક્તની નિમણૂક કયા રાજ્ય દ્વારા કરવામાં આવી?

(A) ગુજરાત

(B) મહારાષ્ટ્ર

(C) ઉડિશા

(D) બિહાર

***Ans:*** B

**(1173)** ભારતીય બંધારણનો 93મો સુધારો, 2006 શું સૂચવે છે?

(A) એન્ગલો ઇન્ડિયનો માટે લોકસભામાં અને વિધાનસભામાં આગળના 10 વર્ષ માટે અનામત બેઠકની જોગવાઈ

(B) ખાનગી અને બિનઅનુદાનિત શાળામાં અનુસુચિત જાતિ/જનજાતિને પ્રવેશમાં આરક્ષણ

(C) ભાષાની સમાવિષ્ટિ

(D) જમીન સુધારણા

***Ans:*** B

*જેમાં અલ્પસંખ્યક સંસ્થાનો સિવાયના ખાનગી ક્ષેત્રના સંસ્થાનો પણ સામેલ છે.*

**(1174)** નીચેના પૈકી કોણ ભારતના નવા પ્રદેશને ઉમેરવાનો અધિકાર ધરાવે છે?

(A) સંસદ (B) રાષ્ટ્રપતિ (C) સર્વોચ્ચ અદાલત (D) પ્રધાનમંત્રી ***Ans:*** A

*Art. 2 અંતર્ગત સંસદ કાયદો બનાવી ભારત સંઘમાં નવા રાજયોના પ્રવેશ અને તેમની સ્થાપના કરી શકે છે.*
*દા.ત. પાકિસ્તાનને ભારતમાં સમાવવું હોય તો સંસદે Art. 2 નો ઉપયોગ કરવો પડે.*

**(1175)** લોકસભામાં 2 એન્ગલો ઈન્ડિયનની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક થવી એ રાષ્ટ્રપતિની કઈ સત્તાનો એક ભાગ છે?

(A) કારોબારી સત્તા (B) ધારાકીય સત્તા (C) એકપણ નહિ (D) ન્યાયિક સત્તા ***Ans:*** B

*રાષ્ટ્રપતિ Art. 331 અંતર્ગત તેમની નિમણૂક કરે છે.*

**(1176)** ગુજરાત વિધાનસભાના પ્રથમ કાર્યકારી અધ્યક્ષ કોણ હતા?

(A) શ્રી હિંમતલાલ મુલાણી

(B) શ્રી શશિકાંત લાખાણી

(C) શ્રી રાઘવજી લેઉઆ

(D) શ્રી મનુભાઈ પાલખીવાળા

***Ans:*** D

*વર્ષ : 1977*

*ગુજરાતનાં વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કલ્યાણજી મહેતા હતા.*

**(1177)** કેન્દ્રિય તકેદારી કમિશનરની પસંદગી સમિતિના કોણ સભ્ય નથી?

(A) ગૃહમંત્રી

(B) વડાપ્રધાન

(C) ભારતના મુખ્ય ન્યાયમંત્રી

(D) લોકસભાના વિરોધ પક્ષના નેતા

***Ans:*** C

www.Gujarat1.com

**(1178)** રાષ્ટ્રપતિની ચુંટણીમાં રાજ્યનો મુખ્યમંત્રી મતદાન કરવાને પાત્ર રહેશે નહિ, જો તે?

(A) એકપણ નહીં

(B) તે રાજ્ય વિધાનમંડળમાં ઉપલા ગૃહનો સભ્ય હોય.

(C) પોતે ઉમેદવાર હોય

(D) તેને વિધાનસભામાં બહુમત સાબિત કરવાનું બાકી હોય.

***Ans:*** B

*રાષ્ટ્રપતિની ચુંટણીમાં લોકસભા, રાજ્યપાલ, રાજ્યોની વિધાનસભા અને કેન્દ્રશાસિત પ્રદેશ જે વિધાનસભા ધરાવે છે તે બધાના ચૂંટાયેલા સભ્યો ભાગ લે છે.*

**(1179)** "રાષ્ટ્રીય બાળ અધિકાર આયોગ"ના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?

(A) પ્રિયંક કાનૂનગો (B) તરલોચનસિંહ (C) કુશલસિંહ (D) ડો. શાન્તાસિંહ ***Ans:*** D

*ઈ.સ. 2007માં કેન્દ્ર સરકાર દ્વારા Commission for Protection of Child Rights Act, 2005 મુજબ કરવામાં આવી છે.*

*આ એક વૈધાનિક સંસ્થા છે.*

**(1180)** બંધારણીય ઉપાયોમાં મૂળભૂત અધિકાર હેઠળ કઈ 'રીટ' ખાતરી દ્વારા સર્વોચ્ચ અદાલત રિવ્યુ કરી શકે અને હાઇકોર્ટનો નિર્ણય રદ કરી શકે?

(A) પ્રોહિબિસન (B) મેન્ડેમર્સ (C) હેબિયસ કોપર્સ (D) સર્ટીઓરરી ***Ans:*** D

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Updates on WhatsApp: Click Here Telegram: Click Here

OJAS-MG on Telegram: Click Here

Download More Books: Click Here OR visit gujarat1.com/books

Report mistake if any on info@gujarat1.com

© OJAS-MaruGujarat.in

www.Gujarat1.com